# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

******************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હરિયાણાના હિસારથી અયોધ્યાની વાણિજ્યિક ફ્લાઇટનો પ્રારંભ કરાવ્યો.**

2) **ફોરેન્સિક સાયન્સના ઉપયોગ દ્વારા ન્યાય પ્રક્રિયા વધુ ઝડપી શક્ય બનશે તેમ જણાવતાં- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ.**

3) **પોરબંદરના દરિયામાંથી ભારતીય તટ રક્ષક અને ગુજરાત ATSએ એક હજાર 800 કરોડ રૂપિયાના માદક દ્રવ્યોનો જથ્થો જપ્ત કર્યો.**

4) **બેંક સાથે છેતરપિંડીના કેસમાં ભાગેડૂ ઉદ્યોગપતિ મેહુલ ચોક્સીની બેલ્જિયમ પોલીસે ધરપકડ કરી.**

5) **સંસદ સહિત દેશભરમાં બંધારણના ઘડવૈયા ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતીની ઉજવણી.**

.........................................................................

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM- HARYANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હરિયાણાના હિસારથી અયોધ્યાની વાણિજ્યિક ફ્લાઇટને લીલી ઝંડી આપી અને હિસાર હવાઈમથકના બીજા ટર્મિનલ ભવનનો શિલાન્યાસ કર્યો. 410 કરોડ રૂપિયાથી વધુની કિંમતના આ નવા ટર્મિનલ પ્રોજેક્ટમાં આધુનિક પેસેન્જર ટર્મિનલ, કાર્ગો સુવિધા અને એર ટ્રાફિક કંટ્રોલ બિલ્ડિંગ હશે. આ પ્રસંગે એક જાહેર સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ સમાવેશી વિકાસ માટે ભાજપની પ્રતિબદ્ધતાને પુનરોચ્ચાર કર્યો. તેમણે કહ્યું કે, તેમના પક્ષનો મંત્ર હરિયાણામાં તમામ વંચિતો, ગરીબો, અને પછાત સમુદાયોના ઝડપી વિકાસ માટે કામ કરવાનો છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, 2014 પહેલા દેશમાં માત્ર 74 હવાઈમથક હતા અને હવે આ સંખ્યા 150 ને વટાવી ગઈ છે.

<u>(બાઇટ: પ્રધાનમંત્રી PM-MODI-ON-AIRPORT)</u>

શ્રી મોદીએ જણાવ્યું, હિસારનું આ હવાઈમથક હરિયાણા યુવાનોના સપનાઓને નવી ઊંચાઈ એ લઈ જશે.

<u>(બાઇટ: પ્રધાનમંત્રી PM--ON--HISAR-EMPYOMENT)</u>

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હરિયાણાના યમુના નગરમાં એક કાર્યક્રમમાં ઉપસ્થિત છે. શ્રી મોદી  દીનબંધુ છોટુ રામ થર્મલ પાવર પ્લાન્ટના 800 મેગાવોટ પાવર યુનિટ, મુકરબપુરમાં કમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટ અને ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ 14 કિલોમીટરથી વધુ લાંબા રેવાડી બાયપાસ પ્રોજેક્ટ સહિતના વિકાસ પ્રકલ્પોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. તેઓ આ પ્રસંગે એક સભાને પણ સંબોધન કરશે.

# AMIT SHAH FORENSIC SUMMIT

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું, ન્યાયસહાયક વિજ્ઞાન દ્વારા ન્યાય પ્રક્રિયા વધુ ઝડપી બનાવી શકાશે. નવી દિલ્હીમાં અખિલ ભારતીય ન્યાયસહાયક વિજ્ઞાન સંમેલન 2025ને સંબોધતા શ્રી શાહે કહ્યું, ન્યાયસહાયક વિજ્ઞાન વિના સમયસર ન્યાય આપવો શક્ય નથી. શ્રી શાહે ઉમેર્યું કે ત્રણ નવા ફોજદારી કાયદામાં 7 વર્ષથી વધુની સજાને પાત્ર ગુનાઓમાં ન્યાયસહાયક વિજ્ઞાનની તપાસ ફરજિયાત બનાવાઇ છે.

(બાઇટ : AMIT-SHAH--FORENSIC-SCIENCE)

# BIHAR HOUSE

પ્રધાનમંત્રી આવાસ યોજના (પીએમએવાય-જી) હેઠળ, બિહાર માટે કેન્દ્રીય ગ્રામીણ મંત્રાલયે, નાણાકીય વર્ષ 2025-26 માટે પાંચ લાખ 20 હજાર 742 વધારાના મકાનો ફાળવ્યા છે. આ વધારાના મકાનોની ફાળવણી સાથે, રાજ્યમાં 2018 થી ચાલી રહેલી પ્રધાનમંત્રી આવાસ યોજનાની પ્રતિક્ષા યાદી લગભગ સમાપ્ત થઈ ગઈ છે. યાદીમાં હાજર લગભગ તમામ લાભાર્થીઓ માટે આવાસ મેળવવાનો માર્ગ મોકળો થઈ ગયો છે.

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે, મુખ્યમંત્રીને પત્ર લખીને સમગ્ર પરિસ્થિતિની જાણકારી આપી છે. આ યોજનાની શરૂઆતથી 2024-25 સુધી, બિહારને 44 લાખ 92 હજાર 10 ઘર ફાળવવામાં આવ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# ATS DRUGS

ભારતીય તટ રક્ષકે ગુજરાત એન્ટી-ટેરરિઝમ સ્ક્વોડ ATS સાથેના સંયુક્ત ઓપરેશનમાં લગભગ એક હજાર 800 કરોડ રૂપિયાની કિંમતનો 300 કિલોથી વધુનો માદક દ્રવ્યોનો જથ્થો જપ્ત કર્યો છે.

ગુજરાત ATS તરફથી મળેલી માહિતીના આધારે પોરબંદરના દરિયામાં કોસ્ટ ગાર્ડ રિજનના ICG જહાજે આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા રેખા નજીક ટ્રાન્સશિપમેન્ટ પ્રયાસને અટકાવ્યો હતો. ICG જહાજ નજીક આવી રહ્યું હોવાનું સમજીને, શંકાસ્પદ બોટમાં રહેલા ઇસમોએ ડ્રગ્સનો જથ્થો દરિયામાં ફેંકી દીધો અને પછી IMBL તરફ ભાગી ગયા હતા. જોકે જહાજ બોટને ઝડપી શક્યુ ન હતું, પરંતુ દરિયામાં ફેંકવામાં આવેલા ડ્રગ્સને શોધવામાં સફળ રહ્યું હતું. આ અંગે નાયબ પોલીસ મહાનિરીક્ષક સુનિલ જોશીએ માહિતી આપી

## (BYTE :D.I.G. SUNIL JOSHI)

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ કાર્યવાહીને સરકારના ડ્રગ્સના નેટવર્કને જડમૂળથી ઉખેડી નાખવાના અભિગમની સફળતાનું ઉદાહરણ ગણાવ્યું છે.શ્રી શાહે આ સફળતા માટે ગુજરાત પોલીસ અને ભારતીય તટ રક્ષકને અભિનંદન પાઠવ્યા છે.

# MEHUL-CHOKSI-ARRESTED

પંજાબ નેશનલ બેંક સાથે લોન છેતરપિંડી કેસમાં ભાગેડૂ ઉદ્યોગપતિ મેહુલ ચોક્સીની બેલ્જિયમ પોલીસે ધરપકડ કરી છે. આ ધરપકડ કેન્દ્રીય અન્વેષણ બ્યૂરો -સીબીઆઈની વિનંતી અને મુંબઈની એક અદાલતના બે ધરપકડ વોરંટના આધારે કરાઇ છે.

મેહુલ ચોક્સી પંજાબ નેશનલ બેંકમાં 13 હજાર 500 કરોડ રૂપિયાના લોન છેતરપિંડીના કેસમાં મુખ્ય આરોપી છે. આ જ કેસમાં, સહ-આરોપી નીરવ મોદીને પણ લંડનથી પ્રત્યાર્પણ કરવામાં આવે તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે આ બંને આરોપી વર્ષ 2018માં  ભારતમાંથી નાસી છૂટયા હતા. આ ધરપકડ અંગે નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, આ એક મોટી સિદ્ધિ છે. તેમણે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પહેલેથી જ કહ્યું છે કે જેમણે ગરીબોના પૈસા હડપ કર્યા છે, તેમણે પૈસા પાછા આપવા પડશે.

# PUNJAB-BAJWA-BOOKED

પંજાબમાં, મોહાલી પોલીસની સાયબર ગુના શાખાએ રાષ્ટ્રીય સુરક્ષા સાથે ચેડા કરી શકે તેવી ખોટી માહિતી ફેલાવવાના આરોપસર  વિરોધ પક્ષના નેતા પ્રતાપ સિંહ બાજવા સામે ભારતીય ન્યાય સંહિતાની બે કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

શ્રી બાજવાએ પંજાબમાં બોમ્બ/ગ્રેનેડની દાણચોરી કરાયેલા 50માંથી 18નો ઉપયોગ વિવિધ પોલીસ સ્ટેશનો સહિત આતંકવાદી પ્રવૃત્તિઓમાં થયો હોવાનું એક ટેલિવિઝન ઇન્ટરવ્યુ દરમિયાન કહ્યું હતું.દરમ્યાન મુખ્યમંત્રી, ભગવંત માને પણ શ્રી બાજવાને માહિતીના સ્ત્રોતનો ખુલાસો કરવા માટે પૂછપરછ કરી હતી. પોતાના બચાવમાં, બાજવાએ મુખ્યમંત્રી પર રાજકીય બદલો લેવાનો આરોપ લગાવ્યો હતો.

# AMBEDKAR-JAYANTI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ, રાજ્યસભામાં ગૃહના નેતા જેપી નડ્ડા, રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને કેન્દ્રીય મંત્રીઓ દ્વારા સંસદ ભવન સંકુલમાં આજે ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાઇ.સંવિધાન સદનના કેન્દ્રીય કક્ષમાં લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, કેન્દ્રીય મંત્રીઓ સાંસદોએ ડૉ. બાબાસાહેબના તૈલ ચિત્ર પાસે પુષ્પાંજલિ અર્પણ કરી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ડૉ. બી.આર. આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે જણાવ્યું કે બાબાસાહેબ સમાનતાવાદી સમાજના પ્રખર હિમાયતી હતા અને તેમણે મહિલાઓ અને વંચિત વર્ગોના આર્થિક અને સામાજિક અધિકારો માટે આજીવન સંઘર્ષ કર્યો.રાષ્ટ્રપતિ મુર્મુએ નાગરિકોને ડૉ. આંબેડકરના આદર્શોને તેમના જીવનમાં અપનાવવા અને સામાજિક સંવાદિતા અને સમાનતાની ભાવનાને મૂર્તિમંત રાષ્ટ્ર બનાવવા માટે કાર્ય કરવા વિનંતી પણ કરી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડૉ. ભીમરાવ આંબેડકરને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ પાઠવતા સોશિયલ મીડિયા સંદેશમાં, જણાવ્યું ડૉ. આંબેડકરની પ્રેરણાને કારણે જ આજે દેશ સામાજિક ન્યાયના સ્વપ્નને સાકાર કરવામાં સમર્પિત છે. શ્રી મોદીએ કહ્યું કે ડૉ. આંબેડકરના સિદ્ધાંતો અને આદર્શો આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણને શક્તિ અને ગતિ આપશે.

# IPL

ઇંડિયન પ્રીમિયર લીગ -IPL ક્રિકેટમાં, લખનૌ સુપર જાયન્ટ્સ આજે સાંજે લખનૌના એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ચેન્નઈ સુપર કિંગ્સ સામે ટકરાશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

છ મેચમાંથી ચારમાં જીત સાથે, લખનૌની ટીમ પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાને છે, જ્યારે ચેન્નાઈની ટીમે છ મેચમાંથી ફક્ત એક જીત મેળવી પોઈન્ટ ટેબલમાં અંતિમ સ્થાને  છે.

# GANGULY-ICC

ભારતના ભૂતપૂર્વ સુકાની સૌરવ ગાંગુલીને આઇસીસી પુરુષ ક્રિકેટ સમિતિના અધ્યક્ષ તરીકે ફરીથી નિયુક્ત કરવામાં આવ્યા છે તેમની સાથે વી. વી. એસ. લક્ષ્મણને પણ પેનલના સભ્ય તરીકે ફરીથી નિયુક્ત કરવામાં આવ્યા છે. ગાંગુલી, જેમણે 2000 થી 2005 સુધી પાંચ વર્ષ સુધી ભારતીય ટીમનું નેતૃત્વ કર્યું હતું, તેમને પ્રથમ વખત 2021 માં સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. અનિલ કુંબલેએ મુદત પુર્ણ થતા પદ છોડતાં તેના સ્થાને ગાંગુલીની પસંદગી કરવામાં આવી છે.

# TABLE-TENNIS--WORLD-CUP

ભારતના ટેબલ ટેનિસ ખેલાડી મનિકા બત્રા અને શ્રીજા અકુલાએ ચીનના મકાઓ ખાતે ITTF વર્લ્ડ કપ 2025ની પ્રારંભિક મેચમાં મહિલા સિંગલ્સ કેટેગરીમાં જીત સાથે પોતાના અભિયાનનો પ્રારંભ કર્યો છે.

મનિકાએ ન્યુ કેલેડોનિયાની મેયલિસ ગિરેટ સામે વિજય મેળવ્યો હતો. તે આગામી ગ્રુપ મેચમાં બ્રાઝિલની બ્રુના તાકાહાશી સામે રમશે .બીજી તરફ શ્રીજા અકુલાએ તેની શરૂઆતની મેચમાં ઓસ્ટ્રેલિયાની કોન્સ્ટેન્ટિના સાયહોગિઓસને હરાવી હતી. તેઓ આગામી ગ્રુપ મેચમાં રોમાનિયાની બર્નાડેટ સઝોક્સ સામે ટકરાશે. સ્ટેજ એક ના ગ્રુપ વિજેતાઓ સ્ટેજ બે માટે ક્વોલિફાય થશે.

# FIJI - EARTHQUAKE

આજે વહેલી સવારે ફિજી ટાપુઓની દક્ષિણે રિક્ટર સ્કેલ પર 6.3 તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યા અનુસાર, ભૂકંપ 10 કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો, જોકે અત્યાર સુધી સુનામીની કોઈ ચેતવણી જાહેર કરવામાં આવી નથી.